સીધી ભરતીમાં રાખવામાં આવતી
પ્રતિક્ષાયાદીની મુદત અને ઉપયોગ
બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક : પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ-૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૧૦/૧૨/૨૦૧૮

વંચાણે લીધા:- (૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭/૦૭/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ-૨.

**આમુખ:**

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણે લીધેલા તા.૨૭/૦૭/૨૦૧૮ના સમાન ક્રમાંકના ઠરાવથી પ્રતિક્ષાયાદીની મુદ્દત અને તેના ઉપયોગ અંગેની સંકલિત સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેનાં પ્રતિક્ષાયાદીના ઉપયોગના ક્રમાંક :(૭) આ સૂચનાઓ તાત્કાલિક અસરથી અમલમાં આવશે. રાજ્ય સરકારની સેવા/જગ્યાઓ ભરવાની જાહેરાત પ્રસિદ્ધ થઈ ગયેલ હોય પરંતુ પસંદગી યાદી પ્રસિદ્ધ ના થઈ હોય તેવી ભરતીમાં ૨૦% પ્રતિક્ષાયાદીની આ જોગવાઈ લાગુ પડશે અને જાહેરાતમાં તે મુજબનો જરૂરી સુધારો કરવાનો રહેશે. તેવી જોગવાઇ થયેલ છે. જ્યારે અન્ય જોગવાઇના ક્રમાંક:(૨) "આ ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખથી જે જગ્યાઓ/સેવા માટે સીધી ભરતી અંગેની જાહેરાત પ્રસિધ્ધ થાય તેવા કિસ્સામાં પ્રતિક્ષાયાદી અંગેના આ ઠરાવની જોગવાઇ લાગુ પડશે. આ ઠરાવ પ્રસિધ્ધ થયા પૂર્વેની જે સીધી ભરતીથી જગ્યા ભરવા અંગેની જાહેરાત થઈ ચુકેલ છે તેવા કિસ્સામાં પ્રતિક્ષાયાદી અંગે અગાઉની સુચના લાગુ પડશે." તેવી જોગવાઇ છે. આથી ઉક્ત બંને જોગવાઇમાં વિસંગતતા ધ્યાને આવતા આ બાબતે જરૂરી સ્પષ્ટતા/સુધારો કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**

પુખ્ત વિચારણાને અંતે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ-૨ ના "પ્રતિક્ષાયાદીના ઉપયોગ": અંગેની સૂચનાના

ક્રમાંક:(૭) ની જોગવાઇ આથી રદ કરવામાં આવે છે. તા.૨૭/૭/૨૦૧૮ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જ્વલંત ત્રિવેદી)
અધિક સચિવ (ક.ગ)
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર (કર્મયોગી ભવન, સેક્ટર-૧૦-એ)
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર.
સચિવાલયના તમામ વિભાગો. (તેમના તાબાના ખાતાના વડાઓ/કચેરીના વડાઓને યોગ્ય સુચના આપવાની વિનંતી સહ.)
સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ/ અધિકારીઓ
પસંદગી ફાઇલ
*પત્ર દ્વારા